ગાંધીનગર પંથકમાં ધરાશાયી વૃક્ષોનું લાકડુ સગેવગે થઈ ગયું

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પેપર કવીલીંગ આર્ટના દર્શનીય કલાત્મક હિંડોળા યોજાશે. જેના દર્શન સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ભકતો કરી શકશે.

● સદગુરુ શિવ કૃપાનંદ સ્વામીજી દ્વારા પ્રેરિત શિબિર તા. ૨૨ થી ૨૯ ઓગષ્ટ દરમિયાન સાંજે ૭થી ૯.૩૦ કલાકે પ્લોટ નં. ૧૭૦૦/૨, સે-૨-ડી બગીચાની પાછળ શિબિર યોજાશે.

● સેકટર-૨ના ચંદ્ર મૌલેશ્વર મહાદેવ ખાતે ૧૬મો પાટોત્સવ યોજાશે. જેમાં સવારે ધ્વજારોહણ તથા બપોરે યજ્ઞ અને સાંજે ભજન સંધ્યા યોજાશે. આ ઉપરાંત રાત્રે ભવ્ય આરતીનું પણ આયોજન કરાયું છે.

● સેકટર-૨૩ ખીમજી વિશ્રામ હોલ ખાતે મા-બાપ તરીકે હું શું કરીશ? આ વિષય પર ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું વ્યાખ્યાન સવારે ૯ કલાકે યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા કલ્પનાબેન ઈશ્વરભાઈ પરમારના નિવાસ સ્થાને પ્લોટ નં. ૨૨૭, પ્રતિક મોલની પાછળ, ઉર્જાનગર વિભાગ-૨ કુડાસણ ખાતે આનંદનો ગરબો ૨થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રાવણ માસના ઉપક્રમે મંડળનો લઘુરુદ્રાભિષેક બાબુભાઈ શર્માના નિવાસ સ્થાને કુંભેશ્વર મહાદેવ, કોબા ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ જગદીશભાઈ જોષીના નિવાસ્થાને ૧૬૦/૧૦, બી-૧ ટાઈપ, ગેટ નં. ૪ની સામે, રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે પલ્લવિકાબેન દવેના નિવાસસ્થાને ૪૩૧/વ/૨, ગીતાંજલિ પાર્ક, સે-૮ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે સાવન ભાદોના હિંડોળા યોજાશે.

● સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે પુસ્તક-ગોમુખીના હિંડોળા યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે ફળફળાદિના હિંડોળા યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળની બેઠક અમૃતભાઈ જી. ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે સાંજે ૫ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ઘર સામે પેવર બ્લોકની કામગીરીમાં સેકટર-૭-એ મોખરે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનર મહાનગર પાલિકાની સ્થાપના બાદ બે અગત્યની યોજનાઓ પ્રસ્તુત કરાઈ જેમાં નગરજનો માટે સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. એક યોજના જેમાં ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની અને બીજી છે વસાહતીઓના ઘર કે દુકાન બહાર માત્ર ૨૦ ટકાના દરે પેવર બ્લોક લગાડવાનું કાર્ય. સે-૭-એ વસાહત મંડળના સકારાત્મક પ્રયત્નોથી પેવર બ્લોકની યોજનામાં ૯૭ ટકા વસાહતીઓએ પેવર બ્લોકનું કામ કરાવી દીધું જે વિક્રમજનક છે.

સે-૭-એમાં છેલ્લા ૧૫-૨૦ વર્ષથી કાયમી ધોરણે વસાહત મંડળ ચલાવવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં નગરમાં સારી એવી નામના પ્રાપ્ત કરી છે. મહાનગર પાલિકા દ્વારા જેવી પેવર બ્લોક માટેની યોજના જાહેર કરાઈ તે સાથે જ વસાહત મંડળે તક ઝડપી લીધી અને ૨૦ ટકાના દરે ફાળો

સે-૭-એ વસાહત મંડળના સકારાત્મક પ્રયાસોથી ૯૭ ટકા વસાહતીઓ પેવર બ્લોક યોજનામાં સામેલ

ઉઘરાવવાનું કાર્ય શરુ કરી દીધું હતું. જોત જોતામાં ૭૦ ટકા વસાહતીઓનો ફાળો એકત્ર થઈ ગયો અને કામ માટે એપ્રુવલ મળતાં જ કોન્ટ્રાકટરે કામ પણ આરંભી દીધું. વસાહતીઓએ પણ આટલી નજીવી કિંમતે કામ આગળ વધતું જોઈ અન્ય વસાહતીઓ પણ ફટાફટ નામ નોંધાવી દેવા લાગ્યાં. માત્ર ૬ થી ૮ માસમાં લગભગ ૯૭ ટકા વસાહતીઓએ પેવર બ્લોકનું કામ કરાવી દીધું જે કોન્ટ્રાકટરના મત મુજબ વિક્રમજનક છે. વસાહતીના પરસ્પર સહકારથી હાથ ધરાયેલ આ કાર્ય સુપેરે પાર પડતા ચોતરફથી પ્રસંશા પણ સાંપડવા લાગી ગઈ છે.

વસાહત મંડળ દ્વારા નગરની સ્વચ્છતા બાબતે કેટલાક અણમોલ સૂચનો પણ વ્યકત કરાયાં છે. નગરની ખુલ્લી જગ્યાઓમાં જંગલી બાવળ, બોરડી, આંકડા જેવા નાના મોટા છોડવાં પુષ્કળ પ્રમાણમાં વિકસે છે. આ છોડવાંઓમાં પ્લાસ્ટિકના ટુકડા, કાગળો, ધૂળ વગેરેનો પુષ્કળ કચરોજમા થાય છે તેથી ગંદકીમાં વધારો થાય છે તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ વધે છે. જો આ પ્રકારના નકામી વનસ્પતિના છોડને એક ફુટ ઉંડેથી ખોદી કઢાય તો તેનો કાયમી નિકાલ થાય છે અને જગ્યા પણ સ્વચ્છ બને છે.

વાતવાતમાં

● વરસાદી માહોલ પછી નગરમાં ઋતુજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા મહાનગર પાલિકાએ કમર કસી છે. મનપા દ્વારા સેકટરોમાં સફાઈ કાર્ય હાથ ધરાયું છે અને ગંદકી કચરો વગેરે ટ્રેકટરમાં ભરીને લઈ જવાય છે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકરનું ૧૨૫મું જન્મજયંતિ વર્ષ ઉજવાઈ રહ્યું છે. સે-૧૪ના જય અંબે ચોકમાં શનિવારે રાત્રે ૮-૦૦ કલાકે કથાકાર આનંદ દ્વારા ભીમકથા યોજાશે જેનું આયોજન ડૉ. આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા કરાયું છે.

● ગઈ કાલે સાંજે સે-૩૦ સર્કલ પાસે વધુ એક મલ્ટીપલ અકસ્માત સર્જાયો હતો. એક સ્વીફટ ડીઝાયર કારે બાઈક સવાર પરીવારને ટકકર મારી હતી. જેનાથી ગભરાઈ કારચાલકે અચાનક કારની દિશા બદલતા બે રાહદારીઓને પણ અડફેટે લઈ લીધા હતા. સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટનાક્રમ નિહાળી પોલીસે ભાગી છૂટેલ કારને અડાલજ પાસે ઝડપી લીધી હતી.

● ગાંધીનગર તાલુકાના ડભોડા પાસેના આનંદપુરા ગામે એક ઘરડાં માજીને સાપે ઉપરાછાપરી બે વાર ડંખ મારતા તેમનું મોત નિપજયું.

● કોર્ટ સંકુલ પાસે હોમગાર્ડના જવાનને ફટકારવાના આરોપસર લોકઅપમાં પુરોલા પોલીસ કોન્સ્ટેબલે રાત્રે ઘણા ત્રાગા કર્યા હતા. લોકઅપના સળીયા સાથે માથા ભટકાડીને ઘણો હંગામો મચાવ્યો હતો.

- સમીર રામી
9924446645

અનામતની માંગ સંદર્ભે આજે બ્રહ્મસમાજના પ્રતિકાત્મક ઉપવાસ

ગાંધીનગર, તા.૨૧

હવે બ્રાહ્મણ સમાજમાં પણ અનામતની માંગણી પ્રબળ બનતી જાય છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા અનામત માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. તા. ૨૨મી ઓગષ્ટે સવારે ૯ થી ૫ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે પ્રતિકાત્મક ઉપવાસનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વિસનગર બ્રાહ્મણ સમાજ દ્વારા અનામતની માંગણી સાથે રેલી અને પ્રાંત અધિકારીને આવેનદપત્ર અપાશે. હિંમતનગરમાં પણ રેલી સાથે આવેનદપત્ર આપવાનો કાર્યક્રમ ઘડી કઢાયો છે. બ્રહ્મ સમાજ દ્વારા આગામી દિવસોમાં યજ્ઞ પણ યોજવામાં આવશે તેવું સંસ્થાના મહામંત્રી અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે.

વાવોલથી સેક્ટર-૪માં જતાં માર્ગ પર મહિલાનો દોરો ખેંચાયો

બપોરે ચાલતી જતી મહિલાના ગળામાંથી પોણા તોલાનો દોરો આંચકી બાઈક પર આવેલા શખ્સો ફરાર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર પાસે વાવોલથી સે. ૪ તરફ જવાના કાચા માર્ગથી આજે બપોરના અરસામાં ચાલતી જઈ રહેલી મહિલાને ચેઈન સ્નેચર્સ ટાર્ગેટ બનાવી હતી. ચાલતી જતી મહિલાના ગળામાં હાથ મારીને પોણા તોલા વજનનો પહેરેલો સોનાનો દોરો આંચકી બાઈક પર આવેલા બંને ચેઈન સ્નેચર્સ ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરને અડીને આવેલા વાવોલ ગામની હરીનગર સોસાયટીમાં રહેતા રાધાબેન પ્રવિણભાઈ વડીકડીયા આજે બપોરના અરસામાં પાછળના કાચા માર્ગ પરથી સે. ૪ તરફ ચાલતા જઈ રહ્યા હતા. તે દરમ્યાન બાઈક પર ડબલ સવારી આવેલા બે શખ્સો રાધાબેન નજીક ગયા અને આસપાસ કોઈ જ અવર-જવર ન દેખાતા તકનો લાભ લઈ ગળામાં હાથ મારી લીધો હતો. ગળામાંથી રૂ. ૧૮ હજારની કિંમતનો સોનાનો પોણા તોલા વજનનો દોરો ખેંચી લઈ બંને શખ્સો બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરી પરંતુ ત્યાં સુધીમાં બંને ગાયબ થઈ ગયા હતા. સેક્ટર-૭ પોલીસે રાધાબેનની ફરીયાદ મુજબ ગુનો દાખલ કરીને પીએસઆઈ દેસાઈએ તપાસ શરૂ કરી છે.

પ્રેરણા વિદ્યાલયમાં સુલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં શાળા કક્ષાની સુલેખન સ્પર્ધા યોજાઈ હતી. શાળાના શિક્ષકો દ્વારા અલ્પવિરામ, પૂર્ણવિરામ, પ્રશ્નાર્થ ચિહ્ન, અવતરણ ચિહ્ન વગેરેની વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મેશ્વા બરંડા, ખુશી રાવલ, પાયલ રાજપૂત, સુહાની સોલંકી, માનસી સુથારે સુંદર પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યા હતા શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જાખોરા પાસે રસ્તો ક્રોસ કરતાં યુવાનનું વાહનની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત જાખોરા ગામમાં રહેતો અને મજુરી કામ કરતો ૧૮ વર્ષીય યુવાન માલાજી ખેતાજી મકવાણા જાખોરા ચાર રસ્તા પાસે રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ આવતા અજાણ્યા વાહને તેને અડફેટે લઈ લેતા તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. અકસ્માત સર્જીને વાહન સાથે ચાલક પળવારમાં ફરાર થઈ ગયો હતો. મૃતક માલાજીના પિતાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ એસ.જી. મકવાણાએ વધુ તપાસ શરુ કરી છે.

આર.એન. લલિતકલા એકેડમીના શૂટરો રાજયકક્ષાએ ઝળકયાં

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સ્ટેટ એર રાઈફલ શૂટિંગ ચેમ્પિયનશીપ બરોડા ખાતે યોજાઈ હતી જેમાં ગાંધીનગર આર.એન. લલીત કલા સંસ્થાના ૨૨ જેટલા સ્પર્ધકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેડલ પ્રાપ્ત કર્યા હતા. જેમાં વિમલ પ્રજાપતિએ પીપ સાઈટ એર રાઈફલમાં યુથ કેટેગરીમાં ૪૦૦માંથી ૩૬૪ સ્કોર કરી બ્રોન્ઝ મેડલ, જીલ પટેલે ઓપન સાઈટ એર રાઈફલમાં યુથ અને જુનિયર કેટેગરીમાં ૪૦૦માંથી ૨૦૮ સાથે બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. સ્પર્ધામાં ઉત્તીર્ણ થનાર સ્પર્ધકોમાં વિમલ પ્રજાપતિ અને અનુજ પટેલ આગામી સમયમાં યોજાનાર પ્રિ. નેશનલ સ્પર્ધામાં મમતા સ્પોર્ટસ સેન્ટરનું પ્રતિનિધિત્વ કરશે.

નાયબ વિમા નિયામક એ.એમ. શ્રીમાળીનો નિવૃત્ત સત્કાર સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના નાયબ વિમા નિયામક એ.એમ. શ્રીમાળીનો નિવૃત્તિ સત્કાર સમારોહ તાજેતરમાં યોજાયો હતો. રાજયભરની વિવિધ સંસ્થાઓ ગુજરાત ગુરુબ્રાહ્મણ સમાજના પ્રમુખ ગૌતમ ગેડિયા, મંત્રી જે.વી. શ્રીમાળી, પી.એન. પંડ્યા, પૂર્વ પ્રમુખ બી.કે. શ્રીમાળી, સંયોજક ભાનુભાઈ દવે અને ગર્ગાચાર્ય ભવન નિર્માણ ટ્રસ્ટના પ્રમુખ રમણભાઈ પુરાણી, નવપરાગણા સમૂહલગ્ન સમિતિના પ્રમુખ નાગર મહાલક્ષ્મી, ક્રેડિટ અને સપ્લાય સોસાયટી સે.૩ના જીણાભાઈ દવે, મધુભાઈ તેજાનંદ, ટ્રસ્ટના ગંગારામભાઈ શ્રીમાળી, ભક્તિપ્રસાદ શ્રીમાળી, લાભશંકર દવે, મહેસાણા જિલ્લા ઘટકના પ્રમુખ પ્રવિણભાઈ ગાંધી, અમદાવાદ ઘટકના પ્રમુખ સી.એન. જોષી, સાબરકાંઠા ઘટકના પ્રમુખ કે.પી. પંડ્યા, જગદીશ શ્રીમાળી, બિપીનચંદ્ર શ્રીમાળી, હરિશંકર શ્રીમાળી, દસગામ ગોળના અગ્રણી કાંતિભાઈ શ્રીમાળી, ધનજીભાઈ, મૂળજીભાઈ, ડી.કે. દવે, મહેન્દ્રભાઈ શ્રીમાળી, એ.એમ. શ્રીમાળી, જશુભાઈ પરમાર, મોહનભાઈ ઝાલા જેવા અનેક મહાનુભાવોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ઉપરાંત વિમા અને લેખાભવનની કચેરી દ્વારા યોજાયેલા સમારોહમાં નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીઓ કે.એચ. પંડ્યા, ચંદ્રકાંત મેકવાન, ભરત વૈષ્ણવ, વિમા નિયામક સોલંકી અને તિજોરી હિસાબી અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામે એ.એમ. શ્રીમાળીની કર્તવ્યનિષ્ઠાની પ્રસંશા કરી હતી. સમગ્ર સમારોહનું સંચાલન ભાનુભાઈ દવેએ કર્યું હતું.

શ્રાવણ માસના ઉપક્રમે સેકટર-૨૩ બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સેકટર-૨૩ની વસાહતમાં અલગ અલગ જગ્યાએ શિવ મહિમ્ન સ્ત્રોતના પાઠનું આયોજન કરવામાંઆવ્યું હતું. (તસવીર : દિપક જાની)

બાજખેડાવાળ જ્ઞાતિજનોનો જનોઈ બદલવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના રહીશ બાજખેડાવાળ જ્ઞાતિજનો માટે શ્રી અનિલભાઈ જોષીના ગુરુપદે જનોઈ બદલવાનો કાર્યક્રમ તા. ૨૯ ઓગષ્ટ ને શનિવારના રોજ બાલાજી મંદિર, સેક્ટર-૧૬ ખાતે સવારે ૭.૩૦થી ૯.૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં સામેલ થવા ઇચ્છતા જ્ઞાતિજનોએ તા. ૨૬ ઓગષ્ટ સુધીમાં પ્રમુખ કિરણભાઈ પંડ્યાને નામ નોંધાવવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. ભાગ લેનાર દરેકે પંચપાત્ર પૈકી તરભાણું, આચમની, જળ કળશ લાવવાનો રહેશે. અનિલભાઈ જોષીના હસ્તે તૈયાર કરેલો સુતરની જનોઈનો જોટો આપવામાં આવશે. પિતાંબર અને ઉપવસ્ત્ર આવકાર્ય છે એમ આ યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

કડી શૈક્ષણિક સંકુલના શિક્ષકોને મહિલાશકિત એવોર્ડ

તાજેતરમાં રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત વિવિધ ક્ષેત્રે પ્રતિભાનું પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી મહિલાઓને રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા મહિલા શકિત એવોર્ડથી નવાજવામાં આવી હતી. ગાંધીનગરની સુવિખ્યાત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષિકા શ્રીમતી ઉર્વશીબેન આર. જોષીને પણ મહિલાશકિત એવોર્ડથી નવાજવામાં આવતા સમગ્ર કેમ્પસમાં હર્ષની લાગણી ફેલાઈ જવા પામી છે.

આર.જી. પટેલ સ્કુલની વિદ્યાર્થીનીઓ તાલુકા રમતોત્સવમાં ઝળકી

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ સેકન્ડરી અને શ્રીમતી એસ બી પટેલ હાયર સેકન્ડરી કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ તાલુકા કક્ષાની અન્ડર-૧૭ અને અન્ડર-૧૯, કબડ્ડી અને ખો-ખો સ્પર્ધામાં પ્રથમ, વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ વિજેતાક્રમ તથા એથ્લેટીક્સ સ્પર્ધામાં પણ વિજેતા ક્રમ મેળવ્યો હતો.

આ વિજેતા ખેલાડીઓમાં પટેલ કુશ્બુ જી. પરમાર પ્રિયંકા આર, ભાવસાર ધ્વનિ જે, પટેલ શ્વેતા એન, દેસાઈ જીનલ એ, પટેલ આંચલ એચ, પટેલ ક્રિષ્ના આર, ચૌહાણ ભુવનેશ્વરી એચ, ગામેતી નિધિ ડી, પટેલ વિશ્વા બી, ગોહિલ મેઘલ બી અને ગામેતિ શ્રુતિ એચનો સમાવેશ થાય છે, જેમને વ્યાયમ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

સૌ વિજેતા વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

વિધાનસભામાં ત્રણ અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભામાં એ.બી. કરોવા, ચેતન પંડ્યા, રીટાબેન મહેતા, કમલ ભટ્ટ અને શિરીષ મકવાણાને ઉપસચિવમાંથી નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે. જયારે આ ઉપરાંત પ્રદિપ મોદી અને અમરીશ સોલંકીને ઉપસચિવ તરીકે બઢતીના હુકમો કરવામાં આવ્યા છે.

જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સે. ૭, ચૌધરી હાઈસ્કૂલના સભાખંડમાં સભા યોજાઈ હતી. સભામાં પદાધિકારીઓને જે કાર્યની સોંપણી કરવામાં આવી છે તે કાર્ય સમયસર થાય છે કે નહિ તેમજ ચૂંટણીના નિયમો, ખાસ બાબતો અંગેની સોંપાયેલી કામગીરીઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

વિસ્તારના પોલીસ આઈજી હસમુખ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ પોલીસ લોક દરબારમાં હાજર રહીને પરિષદના પ્રમુખ દ્વારા ખાસ કરીને સુમનટાવર, મેઘમલ્હાર વિસ્તારના અત્યંત ગંભીર અને વિસ્ફોટક વાહન પાર્કિંગ, ટ્રાફિકના પ્રશ્નો તેમજ રખડતા ઢોરો, કૂતરાઓથી ઉત્પન્ન થયેલ ગંભીર અસલામતીના પ્રશ્ને અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી. સભામાં ગાંધીનગરના પ્રમુખ અખબારોના તંત્રીઓની શુભેચ્છા મુલાકાત લેવાનું અધ્યક્ષસ્થાનેથી સૂચન થતા તેનો સ્વીકાર કરાયો હતો. જેમાં સંસ્થાના આઠેક પદાધિકારીઓ તે મુલાકાત લેશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર સભામાં વિવિધ કાર્યને લગતી ચર્ચા કરાઈ હતી.

રાંદેસણ ખાતે ૨૪મીએ રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા.૨૧

પરમાર્થ સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આગામી તા. ૨૪ ઓગષ્ટના રોજ રાંદેસણ ખાતે નિ:શુલ્ક જાહેર રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી નીતિન ત્રિવેદીએ જણાવ્યું છે કે પરમાર્થ ટ્રસ્ટ છેલ્લા ૨૮ વર્ષથી યોગશિબિર, આપત્તિમાં બચાવ કામગીરી, મહિલા સુરક્ષા, વ્યક્તિત્વ વિકાસ, પ્રાકૃતિક ચિકિત્સા, શ્રાવણ માસમાં જાહેર નિ:શુલ્ક રૂદ્રાભિષેક સહિતની અનેક પ્રવૃત્તિઓ કરે છે જેમાં બેટી બચાવો, પર્યાવરણ સુરક્ષા, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ જાગૃતિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આવી જ એક પ્રવૃત્તિના ભાગરૂપે આગામી તા. ૨૪ના રોજ ઈ-૫૦૧, શ્રી રંગ ઓએસીસ, ગિફ્ટ સિટી રોડ, શાહપુર બ્રિજના નાકે, રાંદેસણ ખાતે સાંજે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન નિ:શુલ્ક રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા સૌ ભાવિકોને તેમણે ભાવભર્યું ઈજન પાઠવ્યું છે.

જાહેર બગીચાઓમાં અશ્લિલ વર્તન કરતાં યુવાનો સામે કડક વલણ

હવે પોલીસ આ યુગલો સામે ગુનો દાખલ કરશે : બગીચામાં વિડીયોગ્રાફી સાથે પોલીસ ચેકીંગમાં નીકળશે

ગાંધીનગર, તા.૨૧

જાહેર બાગ બગીચાઓમાં પ્રેમી-પંખીડાઓ અશ્લિલ ચેનચાળાની તમામ હદો વટાવીને બેસતા હોવાની સંખ્યાબંધ ફરીયાદો મળતા હવે પોલીસ ખુલ્લેઆમ જાહેર બગીચાઓમાં અશ્લિલ વર્તન કરતા યુગલો સામે કડક વલણ દાખવી તેમની સામે કાયદેસરનાં ગુના દાખલ કરવાની કાર્યવાહી કરશે. રેન્જ આઈજીપી હસમુખ પટેલે જણાવ્યું છે કે હવે આવા વર્તન કરતા પકડાયેલા યુગલો સામે ગુનો નોંધાશે અને પોલીસ બગીચામાં ચેકીંગ કરવા વિડીયોગ્રાફર સાથે જશે.

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલને લોક દરબારોમાં પણ મુખ્ય બે ફરિયાદો મળતી હોય છે. જેમાં એક ટ્રાફીકને લગતી સમસ્યાઓ અને બીજી બગીચામાં પ્રેમી યુગલોના અભદ્ર વર્તન...! જેને પગલે હવે રેન્જ આઈજીપી હસમુખ પટેલે જિલ્લા પોલીસને કડક સુચના આપી દીધી છે કે જાહેર બગીચાઓમાં અશ્લિલ ચેનચાળા કરતા યુગલો સામે બોમ્બ પોલીસ એકટની કલમ ૧૧૦ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવી તે ઉપરાંત અન્ય કોઈ એલીગેશન ન થાય તે માટે વિડીયોગ્રાફી સાથે બગીચાઓમાં ચેકીંગ કરવા સુચના આપવામાં આવી છે. સાથોસાથ એ બાબતનો પણ રેન્જ આઈજીપીએ ઉલ્લેખ કર્યો છે કે જે પ્રેમી યુગલો પોતાની અંગત પળો માણવા કે ગપશપ કરવા બગીચામાં બેઠા હોય પરંતુ કોઈ પ્રકારની અશ્લિલ ચેષ્ટાઓ ન કરાતં હોય તો તેમને પોલીસ હેરાન કરશે નહીં.

ગાંધીનગર પંથકમાં ધરાશાયી વૃક્ષોનું લાકડુ સગેવગે થઈ ગયું

ગાંધીનગર, તા.૨૧

થોડા સમય પહેલા વરસાદ સાથે આવેલા તોફાની પવનોની થાપટે ગાંધીનગર પંથકમાં અનેક વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. વન વિભાગે સમયસર આ ધરાશાયી થયેલા વૃક્ષોની દરકાર ન લેતાં લાકડારૂપી કિંમતી સંપત્તિના લોકો વાહનોમાં ભરીને લઈ ગયા છે. દિવસ દરમિયાન વૃક્ષમાંથી લાકડાં કાપી તૈયાર રાખી રાત્રે ટ્રેકટર, આઈશર કે મોટા વાહનોમાં ભરીને સગવેગે કરવાની પ્રવૃત્તિ થતી હતી. વન વિભાગની ગંભીર બેદરકારી થકી સરકારની તિજોરીને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. જો કે માર્ગો ઉપરથી પસાર થતાં લોકો આ તમામ પ્રવૃત્તિને નિહાળીને ઘૃણા વ્યકત કરતાં હતાં.

ગાંધીનગર પંથકમાં હજુ પણ અનેક વૃક્ષો ધરાશાયી સ્થિતિમાં નજરે પડી રહ્યા છે તો શહેર બહારના માર્ગો ઉપર જીવીત કુદરતી સંપત્તિ તોફાની પવનોના ઝપટે ધરાશાયી થતાં જ લોકો લાકડાં લેવા જે મળે તે લઈને પહોંચી જઈ સગેવગે કરી રહ્યા છે. જો કે જાણવા મળ્યા મુજબ પંથકની સો મીલોમાં પણ આ ગેરકાયદેસર લાકડા પહોંચી જતાં હોવાનું સ્થાનિક લોકો આક્ષેપ કરી રહ્યા છે. અસંખ્ય વૃક્ષોમાંથી મોટી માત્રામાં લાકડું

જીવીત કિંમતી કુદરતી સંપત્તિની જાળવણી ના થઈ પરંતુ ત્યારબાદ દરકાર ન થતાં લાકડાં લોકો ભરી ગયા

માર્ગો ઉપર પડેલું રહ્યું હતું. પરંતુ સમય જતા વન વિભાગે દરકાર ન કરતાં લાગતા વળગતાંએ આ લાકડું રાત્રિ દરમિયાન ઘર ભેગું કરી દીધું હોવાનું ચર્ચાય છે.

આર્થિક અસધ્ધર અને ગરીબ વર્ગ આંધણના ઉપયોગ સારૂ લઈ જાય તે સ્વાભાવિક બને છે પરંતુ ટ્રેકટર, આઈશર, ટેમ્પા તથા ઉટલારી જેવા વાહનોમાં મોટા મોટા લાકડાં વ્યવસ્થિત કાપકુપ કરીને ભરી જવાય તે શંકા પેદા કરે છે તેવું લોકો કહી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં હજુ પણ અનેક વૃક્ષો ધરાશાયી સ્થિતિમાં પડી રહ્યા છે. પરંતુ વન વિભાગનું પેટનું પાણી પણ હાલતું નથી. વૃક્ષો ધરાશાયી થવામાં પણ વન વિભાગ જવાબદાર ગણાઈ રહ્યું છે. કારણકે ચોમાસા પહેલા ટ્રીમીંગ, લચી પડેલી ડાળી તથા નમી પડેલા વૃક્ષોને સપોર્ટ વગેરે બાબતો કરવી જોઈએ તે કરી નથી. વધુમાં વૃક્ષો વાવવામાં જ ફકત રસ ધરાવતું વન વિભાગ વૃક્ષોની જાળવણીમાં સદંતર નિષ્ફળ નિવડયું હોય તેવું તેમની કાર્યપધ્ધતિ ઉપરથી લાગી રહ્યું છે. માર્ગો ઉપર કે નગરમાં વન વિભાગ દ્વારા વૃક્ષોની કાળજી લેવાતી હોય તેવા કોઈ જ દશ્યો જોવા મળ્યા નથી જેથી લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)